## પ્રકરણ :-૫

# વેદાન્તવિષયક ઉપનિષદોમાં સૃષ્ટિવિષયક ચિંતન

આ વિશ્વને જેનાં શરૂઆતનાં અને છેવટનાં પૃષ્ઠ ગુમ થયાં છે એવી એક જૂની હસ્તપ્રત સાથે સરખાવી શકાય. આ વિશ્વરૂપી પુસ્તકનો આરંભ કેવી રીતે થયો કે તેનો અંત કેવો હશે તે ચોક્કસપણે કહી શકાય તેમ નથી. મનુષ્ય આ ગુમ થયેલાં પૃષ્ઠોની કથાને શોધવાને સતત પ્રયત્નશીલ છે અને આ શોધનું નામ છે ફિલસૂફી. આ વાત ઉપનિષદોના સૃષ્ટિવિષયક ચિંતનને યથાર્થપણે લાગુ પડે છે. ઉપનિષદના તત્ત્વચિંતકો જીવન અને સૃષ્ટિનાં રહસ્યોને, અસ્તિત્વને, વિશ્વનાં અદશ્ય પરિબળો સાથેના માનવના સંબંધોને તાગવા મથે છે. આ ગ્રંથો આ વિશ્વના અસ્તિત્વના મૂળને પામવા પ્રયત્નશીલ છે.

મુંડક ઉપનિષદમાં શૌનક, અંગિરસમુનિને પૂછે છે-"**कस्मिन्नु भगवो विज्ञाते सर्वमिदं विज्ञातं भवति ।** હે પૂજ્ય ! શું જાણવાથી આ સર્વ જ્ઞાત બને ?[1] બૃહદારણ્યકમાં ઋષિ યાજ્ઞવલ્ક્ય પણ જનકની રાજ્યસભામાં આવો જ પ્રશ્ન પૂછે છે : "એવું તે કયું વૃક્ષ છે કે જેમાંથી જીવનના વૃક્ષનું મૂળ મૃત્યુથી વારંવાર કપાતું રહેતું હોવા છતાં ઊગ્યા કરે છે ?"

> **यद् वृक्षो वृक्णो रोहति मूलान्नवतरः पुनः ।**
> **मर्त्यः स्विन्मृत्युना वृक्णः कस्मान्मूलात्प्ररोहति ॥**
>
> બૃહ. ઉપ. ૩.૯.૨૮

શ્વેતાશ્વતર ઉપનિષદમાં સૃષ્ટિના કાર્યકારણમાં પહોંચવાનો પ્રયત્ન કરતા ઋષિને આપણે સાંભળીએ છીએ. "કારણ શું છે ? બ્રહ્મ શું છે ? આપણે ક્યાંથી જન્મ્યાં છીએ ? શેના વડે આપણે છીએ ? શેના પર આપણે ટકી રહ્યા છીએ ?"

ઋગ્વેદમાં "**ब्रह्मन्**"શબ્દ "પ્રાર્થના" કે "સ્તુતિ" ના અર્થમાં વપરાયેલો છે. પ્રાર્થના કે સ્તુતિરૂપ બ્રહ્મ જ માણસનાં કર્ણગોચર વાણી દ્વારા પ્રગટ થાય છે. ઉપનિષદોમાં આથી વિશ્વના આદિકારણરૂપ જે છે તે તત્ત્વ સૃષ્ટિરૂપે આપોઆપ નીકળે છે.

મેક્સમૂલર કહે છે તેમ-

"*Brahman* seems to have meant originally that bursts further, breaks forth, whether in shape of thought and world or in the shape of creative power or physical force.[2]

અન્ય એક સ્થળે ગાર્ગ્ય બાલાકિને ઉપદેશ આપતાં સમાપનમાં બ્રહ્મ વિશે મહત્ત્વનું વિધાન કરે છે :

**"स यथोर्णनाभिस्तन्तुनोच्चरेद्यथाग्नेः क्षुद्रा विस्फुलिङ्गा व्युच्चरन्त्येवमेवास्मादात्मनः सर्वे भूतानि व्युच्चरन्ति ।"** બૃ. ૩.૨.૧.૨૦। મુંડક. ૧.૭.

જેવી રીતે કરોળિયો પોતાનામાંથી તંતુઓ કાઢે છે, જેવી રીતે અગ્નિમાંથી તણખાઓ નીકળે છે તેમ આત્મામાંથી સર્વ પ્રાણ, સર્વ લોકો, સર્વ દેવો અને સર્વ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે.

પ્રો. હ્યુમના મંતવ્ય પ્રમાણે-

"A very great advance in the conception of the world ground is here made and a doctrine is reached of which most of the later dialogues are furthers explications."[3]

બૃહદારણ્યક ઉપનિષદમાં (૪-૧-૨.માં) બ્રહ્મને મનુષ્યની પ્રવૃત્તિઓના અંતર્યામી તરીકે પણ વર્ણવવામાં આવ્યું છે.

હીરયન્ના લખે છે :

"વિચારોના વિકાસની કોઈ એક કક્ષાએ વિશ્વના આ આદિકારણ બ્રહ્મનું મનુષ્યની હૃદયગુફામાં વસતા અંતર્યામી આત્મા સાથે એકીકરણ કરવામાં આવ્યું. અત્યાર સુધી વિચારના બે સ્વતંત્ર પ્રવાહો ચાલ્યા આવતા હતા. તેમાંના એકમાં મનુષ્યનું સાચું સ્વરૂપ સમજવાની ઈચ્છા હતી; અને બીજામાં બાહ્ય જગતનું સાચું સ્વરૂપ સમજવાની. આ બે પ્રવાહો હવે ભળી ગયા અને આ સંગમ થયો કે તરત જ જે ઐક્ય માટે અત્યાર સુધી લાંબી શોધ ચાલી રહી હતી તે ઐક્ય હાથ લાગી ગયુ."[4]

હ્યુમ લખે છે :-

"Here the quest for the real, for the unity of the divesified world, for the key to the universe, reached a goal."[5]

ઉપનિષદનાં સૃષ્ટિશાસ્ત્રનાં સિદ્ધાન્તોને મુખ્ય બે સમૂહોમાં વિભાજિત કરી શકાય. અપૌરુષેય તથા પૌરુષેય. અપૌરુષેય વિભાગમાં એવા સિદ્ધાન્તો આવી શકે છે જેઓ

પંચમહાભૂતોને વસ્તુ-જગતનું ચરમતત્ત્વ માને છે. અથવા જે અસત્, સત્ અથવા એવી જ કોઈક સૂક્ષ્મ કલ્પનાઓને સંપૂર્ણ વસ્તુઓનું મૂળ માને છે. પૌરુષેય વિભાગમાં એવા સિદ્ધાન્તો આવી શકે છે કે જેઓ સૃષ્ટિના ઉદ્ભવને આત્મા અથવા પરમાત્માના આધાર પર સિદ્ધ કરવા ઈચ્છે છે અને વિવિધ રૂપોમાં સૃષ્ટિની ઉત્પત્તિના દ્વૈતમૂલક અથવા ઉદ્ગમમૂલક અથવા પરમ-તાત્ત્વિક ઈશ્વર-મૂલક પક્ષનું પ્રતિપાદન કરે છે.

જ્યારે ઉપનિષદકાર પંચમહાભૂતોને જગતનું મૂળ માને છે તો આપણે તેનું એવું અર્થઘટન કરવું જોઈએ કે જે એમને અભીષ્ટ છે. ન કે તે તત્ત્વોને દેવતાઓ સમાન માનવા જોઈએ. જેમ કે, કેટલાક પરવર્તી ભાષ્યકારોએ તેમની ઈશ્વર-પરક ભાવનાથી અભિપ્રેરિત થઈને કર્યું છે. ઉદાહરણ તરીકે-જ્યારે એમ કહેવામાં આવ્યું છે કે અગ્નિ, જલ અથવા વાયુ વસ્તુ જગતનાં મૂલ છે, તો આપણે તેનો એવો અભિપ્રાય સમજવો જોઈએ કે તે નામોથી અભિહિત ભૂત તત્ત્વ જ સૃષ્ટિના ઉદ્ભવનો આધાર છે. ઉપનિષદના અદ્વૈતવાદી ભાષ્યકારો શંકર, રામાનુજ વગેરેએ આ પંચમહાભૂતોને દેવતા માનેલ છે, નહિ કે ભૂતવિશેષ. પરંતુ જો આપણે ઉપનિષદીય સિદ્ધાન્તોના પ્રતિપાદનની સરળતા પર સહેજ વિચાર કરીએ તો તેના પર શંકા કરવી અસંભવ થશે કારણકે પંચમહાભૂતો દ્વારા ઉપનિષદકારોનો અભિપ્રાય જડ ભૂતો માટે હતો; નહિ કે તે ભૂતો સાથે સંબંધિત દેવતાઓ માટે. પરંતુ એ નોંધનીય છે કે ક્યાંક ક્યાંક "ભૂતો"ના અર્થમા "દેવતા" શબ્દનો પ્રયોગ પણ કરવામાં આવ્યો છે.

જયારે જયારે ઉપનિષદકારોને પંચમહાભૂતો અથવા સત્, અસત્ એવી સૂક્ષ્મ કલ્પનાઓથી સૃષ્ટિ વિધાનના કોયડા ઉકલવા અશક્ય લાગ્યા તો તેમણે પ્રાણ શક્તિ અથવા તો ચેતન શક્તિથી સૃષ્ટિની ઉત્પત્તિ પ્રતિપાદિત કરવાની આવશ્યકતાનો અનુભવ કર્યો. આમાં જ્યારે તે પણ સૃષ્ટિ-વિધાનની અપર્યાપ્ત વ્યાખ્યા સિદ્ધ થઈ તો તેમને પૌરુષેય સત્તાની કલ્પનાનું શરણું લેવું પડ્યું. જેને આપણે સૃષ્ટિના વિધાતા કહીએ છીએ. પરંતુ એ ધ્યાન રાખવું જોઈએ કે પરમ તત્ત્વશાસ્ત્રના અદ્વૈત સિદ્ધાન્તોમા સૃષ્ટિ-વિધાનની કલ્પના માટે વધારે શકિતમાન નથી, કારણ કે તે સમસ્ત સૃષ્ટિ સત્તાને માયા અથવા દશ્ય સૃષ્ટિ કહીને ટાળી દે છે.

પરંતુ ઋગ્વેદના ઋષિઓને એ જાણવાની જિજ્ઞાસા થઈ કે આ સૃષ્ટિ ઉત્પન્ન થઈ કેવી રીતે ? અને તેનો રચનાર કોણ હતો ? ઋગ્વેદના ઋષિને જિજ્ઞાસા થઈ કે આ રહસ્યમય સૃષ્ટિનો કોઈક રચનાર હોવો જોઈએ. પુરુષસૂક્ત (ઋગ્વેદ-૧૦-૯૦) માં કહ્યું છે કે પુરુષ સૃષ્ટિનો રચનાર છે. ઋગ્વેદના મત પ્રમાણે શરૂઆતમાં અંધકાર સર્વત્ર છવાયેલો હતો. બ્રાહ્મણગ્રંથો વર્ણવે છે કે પ્રજાપતિ સૃષ્ટિનો રચનાર હતો. ઉપનિષદો પંચીકરણ પદ્ધતિથી સૃષ્ટિ સર્જનને વર્ણવે છે.

મનુ કહે છે કે સૃષ્ટિની રચના સ્વયંભૂ છે.[6]

ડૉ. એસ. જી. દેસાઈ સાહેબ નોંધે છે તે પ્રમાણે

The later Upaniṣads do not treat the topics of the creation of the world with much curiosity. They, however, describe the theories of creation of the world, which are influenced by the various systems of philosophy, such as :

1) Mythical or Ritualistic

2) Theistic

3) Naturalistic

4) Mythico-Philosophical and

5) Purely Philosophical.[7]

ઉપનિષદો બ્રાહ્મણગ્રંથોનું પ્રામાણ્ય કે યજ્ઞોની કાર્યસાધકતાનો અસ્વીકાર કરતા નથી. પણ, તેઓ યજ્ઞવિધિની માન્યતાની પાર જાય છે, અને યજ્ઞવિધિને એક આધ્યાત્મિક વ્યાપાર માને છે. વિધિઓ કે યજ્ઞોનાં બાહ્ય અનુષ્ઠાન કે આચરણથી જ્ઞાનની તૃષ્ણા છીપતી નથી. વિશ્વના સર્જનના કોયડાઓના અને સાથે સાથે વ્યક્તિના તેની સાથેના સંબંધોના બાહ્ય કે આંતર જવાબ શોધી કાઢવાનું ઉપનિષદના ઋષિઓએ જરૂરી માન્યું છે. આથી તેમણે સૃષ્ટિસર્જન વિષયક વિવિધ મંતવ્યો રજૂ કર્યાં છે.

### સૃષ્ટિ સર્જન વિષયક વિવિધ મંતવ્યો

શંકરાચાર્યના પરમગુરુ ગૌડપાદાચાર્યે તેમની માંડૂક્ય ઉપનિષદ કારિકામાં સૃષ્ટિવિજ્ઞાન સંબંધમાં અનેક સિદ્ધાન્તોનું વર્ગીકરણ કર્યું છે અને અંતે તેમણે એવો નિષ્કર્ષ તારવ્યો છે કે ઉપનિષદોનું તાત્પર્ય સૃષ્ટિ વિજ્ઞાનના નિરૂપણનું નથી, તેમના કહેવા પ્રમાણે સૃષ્ટિ અસત્ માંથી નીકળી છે કે સત્ માંથી તે બાબતમાં ઉપનિષદોનો કોઈ નિર્ણયાત્મક ઉત્તર મળતો નથી. એનું કારણ એ છે કે બંને પ્રકારના ઉત્તરો આ સંબંધમાં ઉપનિષદોમાં જોવા મળે છે. આથી જે સિદ્ધાન્ત તર્કબદ્ધ જણાય તે ઉપનિષદોનું સૃષ્ટિવિધાન છે એમ સમજવું.

પ્રા. આર. ડી. રાનડેના મત પ્રમાણે પ્રશિષ્ટ ઉપનિષદોમાં સૃષ્ટિવિજ્ઞાનના સિદ્ધાન્તો નીચે પ્રમાણે જોવા મળે છે.[8]

૧) સૃષ્ટિનું મૂળ તત્ત્વ જળ છે. જળમાંથી સત્ય ઉત્પન્ન થયું. સત્યે બ્રહ્મને ઉત્પન્ન કર્યું. બ્રહ્મે પ્રજાપતિને ઉત્પન્ન કર્યા અને પ્રજાપતિએ દેવોને ઉત્પન્ન કર્યા. ત્યારબાદ બાકીની સૃષ્ટિ અસ્તિત્વમાં આવી. (બૃહ. ઉપ.)

૨) કઠોપનિષદમાં કહ્યા પ્રમાણે અગ્નિ જ સંપૂર્ણ ભુવનમાં વિભિન્ન રૂપે પ્રવેશેલ છે.

૩) છાંદોગ્ય ઉપનિષદમાં પ્રવાહણ જૈવાલિનો મત એવો છે કે બધી વસ્તુઓનું મૂળ સ્રોત આકાશ છે. આકાશમાંથી બધી વસ્તુઓ ઉત્પન્ન થાય છે. (છાંદોગ્ય ૧-૯)

૪) છાંદોગ્ય ઉપનિષદમાં સમગ્ર સૃષ્ટિનું મૂળ સત્ છે એમ કહ્યું છે. સત માંથી તેજ ઉત્પન્ન થયું. તેજમાંથી જળ, જળમાંથી અન્ન, અન્નમાંથી અંડજ, જીવજ તથા ઉદ્ભિજ્જ પેદા થયાં. અહીં એમ કહેવામાં આવ્યું છે કે અગ્નિ, જળ તથા પૃથ્વી પરસ્પર મળીને ત્રિગુણિત બની બધી વસ્તુઓનાં કારણ બન્યાં. આમ, અહીં ઉપનિષદોમા ત્રિવૃતીકરણના સિદ્ધાન્ત જોવા મળે છે, જે આગળ જતાં વેદાન્તમાં પંચીકરણના સિદ્ધાન્તનું રૂપ લે છે.

૫) સૃષ્ટિનું મૂળ અસત્ છે એવો ઉલ્લેખ છાંદોગ્ય, તૈત્તિરીય તથા બૃહદારણ્યક ઉપનિષદમાં છે. અસતુ માંથી સત્ ઉત્પન્ન થયું છે તે સત્ એક બ્રહ્માંડનું રૂપ લે છે. આ બ્રહ્માંડમાં પૃથ્વી અને (દ્યૌ) આકાશ એમ બે ભાગ થયા. પછી તેના અંશોમાંથી વાદળ, નદીઓ તથા સમુદ્ર વગેરેની ઉત્પત્તિ થઈ. બ્રહ્માંડમાંથી આદિત્ય ઉત્પન્ન થયા અને પછી આ આદિત્યમાંથી અન્ય બધી વસ્તુઓ ઉત્પન્ન થઈ.

૬) પ્રશિષ્ટ ઉપનિષદ એવા શ્વેતાશ્વતર ઉપનિષદમાં કહ્યું છે કે સૃષ્ટિકર્તા ઈશ્વર છે. નારાયણ એ સૃષ્ટિનું મૂળ કારણ છે. તે ભગવાન છે અને પોતાના સંકલ્પ વડે તેમણે આ સૃષ્ટિ ઉત્પન્ન કરી છે. વેદાંત વિષયક (નવ્ય) ઉપનિષદ એવા મહોપનિષદ (૧, ૩)માં પણ આ જ વાત કહી છે. પ્રશ્નોપનિષદમાં પણ પ્રજાપતિને સૃષ્ટિકર્તા માનેલ છે. નારાયણ ઉપનિષદમાં પ્રજાપતિને પણ નારાયણમાંથી ઉત્પન્ન થયેલા માન્યા છે. પ્રજાપતિ બ્રહ્મા યા સૃષ્ટિકર્તા ઈશ્વરનું નામ છે.

આમ, પ્રશિષ્ટ ઉપનિષદોમાં મળતા સૃષ્ટિ વિજ્ઞાનને લગતાં મતોનું વિહંગાવલોકન કરતાં એમ લાગે છે કે તેમાં સૃષ્ટિવિકાસ અને આવિર્ભાવ સિદ્ધાન્તો મળી આવે છે.

ઉપનિષદોમાં સૃષ્ટિવિષયક મતોની વિભિન્નતા એટલા માટે જોવા મળે છે કે આ ઉપનિષદોના ઋષિકે ચિંતકો જુદા જુદા છે અને પોતાની અનુભૂતિ પ્રમાણે નિરૂપણ કર્યું છે.

સૃષ્ટિની ઉત્પત્તિ કેવી રીતે થઈ ? એ બાબતમાં પ્રશિષ્ટ ઉપનિષદો કરતાં અર્વાચીન ઉપનિષદો (વેદાન્તવિષયક ઉપનિષદો) જુદો જ મત ધરાવે છે, જે નોંધપાત્ર છે.

નવ્ય ઉપનિષદોમાં સૃષ્ટિવિષયક ચિંતન :-

અમારા અભ્યાસનાં વેદાન્તવિષયક ઉપનિષદોમાં પણ સૃષ્ટિના આવિર્ભાવ અને વિકાસના સિદ્ધાન્તો વિભિન્ન રીતે જોવા મળે છે, જેનું વર્ગીકરણ નીચે પ્રમાણે કરી શકાય :

૧ ) તત્વચિંતનાત્મક સર્જન

૨) પ્રાકૃતિક સર્જન

૩) પંચમહાભૂતોમાંથી સર્જન

૪) કોઈ એક દેવતામાંથી સર્જન

૫) પૌરાણિક સર્જન

૬) સાંખ્યસૃષ્ટ પ્રમાણે સર્જન

૭) શારીરિક સર્જન

૮) પૂર્ણ બ્રહ્મમાંથી સર્જન

આ વર્ગીકરણનો આપણે ક્રમશઃ અભ્યાસ કરીશું.

### ૧) તત્વચિંતનાત્મક સર્જન :-

વેદાન્તવિષયક સુબાલોપનિષદમાં સુબાલ નામના મુનિ નિર્વિશેષ બ્રહ્મને જાણવાની ઈચ્છાથી બ્રહ્મા પાસે જઈને પૂછે છે :

સૃષ્ટિની ઉત્પત્તિ પૂર્વે શું હતું ? **किं तदासीत् ?** ત્યારે બ્રહ્મા પ્રત્યુત્તર આપે છે કે-

**न सन्नासन्न सदसदिति** ॥ સુબાલ.

સૃષ્ટિની ઉત્પત્તિ પૂર્વે સત્ ન હતું, અસત્ ન હતું અને સત્ અસત્ ન હતું, માત્ર એક બ્રહ્મ હતું. તેમાંથી તમસ્ (અજ્ઞાન) ઉત્પન્ન થયું અને એ તમસ માંથી ભૂતાદિ, પંચ મહાભૂતમાંથી આકાશ, આકાશમાંથી વાયુ, વાયુમાંથી અગ્નિ, અગ્નિમાંથી જળ અને જળમાંથી પૃથિવી ઉત્પન્ન થયાં.

**तस्मात्तमः संजायते तमसो भूतादि भूतादेराकाशमाकाशाद्वायुर्वायोरग्निरग्नेरापोऽद्भ्यः पृथिवी** ॥ સુબાલ - ૧-૨

તે જ બ્રહ્માંડરૂપ ઈંડું થયું. અને એક સંવત્સર ઉછરીને તેના બે ભાગ કરવામાં આવ્યા. તેમાંથી સહસ્ર માથાવાળો, સહસ્ર નેત્રોવાળો, સહસ્ર પગવાળો, સહસ્ર હાથવાળો વિરાટ પુરુષ ઉત્પન્ન થયો. એ વિરાટ પુરુષમાંથી બ્રાહ્મણ વગેરે માનસિક સૃષ્ટિ ઉત્પન્ન થઈ.

**ब्राह्मणोऽस्य मुखमासीद्बाहू राजन्यः कृतः ।**
**ऊरु तदस्य यद्वैश्य पद्भ्यां शूद्रो अजायत ।**
**श्रोत्राद्वायुश्च प्राणश्च हृदयात् सर्वमिदं जायते** ॥ १,८

તેણે જ માનસિક સાત પુત્રો સર્જ્યાં. તેઓ અહીં પ્રજાપતિ થયા. આ વિરાટ પુરુષનું મુખ તે બ્રાહ્મણ, ક્ષત્રિયો બન્ને બાહુઓમાંથી ઉત્પન્ન કર્યો, સાથળોમાંથી વૈશ્ય ઉત્પન્ન થયો, અને બંને પગમાંથી શૂદ્ર થયો. એમ ચાર પ્રકારની વર્ણવ્યવસ્થાની ઉત્પત્તિ થઈ.

ચન્દ્રમા વિરાટપુરુષના મનમાંથી ઉત્પન્ન થયો.

**चन्द्रमा मनसो जातश्चक्षोः सूर्यो अजायत ।**

ચક્ષુમાંથી આદિત્ય, શ્રોત્રથી વાયુ, પ્રાણ આ રીતે સર્વ જગત ઉત્પન્ન થયું.

સુબાલ ઉપનિષદ આગળ સર્જનપ્રક્રિયા વર્ણવે છે.

એ વિરાટ પુરુષના અપાનમાંથી ભીલો, યક્ષો, રાક્ષસો અને ગંધર્વો થયા; હાડકામાંથી પર્વતો થયા, રુવાટાંમાંથી ઔષધિ તથા વનસ્પતિઓ થઈ અને લલાટમાંથી ક્રોધ વડે જન્મેલા રુદ્રો ઉત્પન્ન થયા. આ મહાન ભૂતોના શ્વાસોચ્છ્વાસ એ જ આ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ, જ્યોતિષશાસ્ત્ર, ન્યાય, મીમાંસા, ધર્મશાસ્ત્રો, વ્યાખ્યાનો, નાનાં વ્યાખ્યાનો અને સર્વ પ્રાણીઓ છે.

ડો. એસ. જી. દેસાઈ સાહેબ નોંધે છે તેમ :-

The Vedas and the Science were but the breath of the Purusa.[2]

**अस्य निश्वसितमेतद्यदृग्वेदो यजुर्वेद: सामवेदोऽथर्ववेद: शिक्षा कल्पो व्याकरणं निरुक्तं छन्दो ज्योतिषामयनं न्यायो मीमांसा धर्मशास्त्राणि व्याख्यानान्युपव्याख्यानानि च सर्वाणि च भूतानि । सुबाल - २.२**

પુરુષે પોતાના સત્વને બે પ્રકારે કર્યું, અર્ધા ભાગ વડે સ્ત્રી ને અને અર્ધા ભાગ વડે પુરુષ સર્જ્યાં. દેવ થઈને દેવોને, ઋષિ થઈ ઋષિને, યક્ષ, રાક્ષસ, ગંધર્વને, પશુઓને ઘાસ ખાનારાં જનાવરને સર્જ્યાં. સ્ત્રીના ભાગમાંથી ગાય અને પુરુષમાંથી બળદ, આમ સ્ત્રી ભાગમાંથી ઘોડી અને પુરુષ ભાગમાંથી ઘોડો, ગધેડી અને ગધેડાને ઉત્પન્ન કર્યાં. ને વૈશ્વાનર (વિશ્વને પક્વ કરનાર)રૂપ અગ્નિ થઈ સર્વભૂતોનું દહન કરે છે.

સુબાલોપનિષદમાં જે ક્રમે સૃષ્ટિનો આવિર્ભાવ થતો દર્શાવે છે તે જ ક્રમે તેનો ઉપસંહાર નાશ થતા પણ દર્શાવે છે.

સુબાલ ઉપનિષદ મનુષ્યની પંચમહાભૂતોની મરણોત્તર ગતિને પણ નિરૂપે છે. ઉપનિષદોની પ્રચલિત રીત છે તે પ્રમાણે રૈક્વ ઘોરાંગિરસને પૂછે છે કે આ સર્વ મહાભૂતો છેવટે શેમાં લીન થાય છે ?( **अथ: हैनं रैक्व: पप्रच्छ भगवन् कस्मिन् सर्वे अस्तं गच्छन्ती।** )૯.૧

પછી ઉપનિષદ ચક્ષુ, શ્રોત્ર, નાસિકા, જિહ્વા, ત્વચા, વાક્, હસ્ત, પાદ, પાયુ, ઉપસ્થ, મન, બુદ્ધિ, અહંકાર, ચિત્ત વગેરેની લીન થવાની પ્રક્રિયાનું નિરૂપણ કરે છે.

ડૉ. એસ. જી. દેસાઈ સાહેબનું મંતવ્ય અહીં નોંધવું અસ્થાને નહિ લેખાય.

The Subalopaniṣad gives a new account of the destiny of the human soul after the death of the physical body.[10]

સુબાલોપનિષદના ત્રીજા અનુશાસનમાં બ્રહ્મને જ સર્વસૃષ્ટિ તરીકે કલ્પવામાં આવેલ છે.

**"नैवेह किंचनाग्र आसीदमूलमनाधाराः इमाः प्रजाः प्रजायन्ते ।** (સુબાલ ૩-૧). આની પર બ્રહ્મયોગી ટીકા કરતાં લખે છે **इहेदानीं परिदृश्यमानकार्यजातं किंचनाप्यग्रे प्रागुत्पत्तेः नैवासीत् । अपि तु अमूलमेवासीत् । नत्वर्थान्तरम् । तस्मात् कारणात् तमोभूतादिक्रमेण प्रक्रमोक्तरीत्या इमाः प्रजाः अनाधाराः** भगवदतिरिक्ताधाराधेयवैरल्यात् भगवदाधाराः **रज्जुसर्पवत् जायन्ते । सोऽसौ स्वाङ्गविकल्पित प्रजाऽऽधारभूतो नारायण एक एव ।** **(બ્રહ્મયોગી ટીકા-)**

ઉપર્યુક્ત નિરૂપણ પરથી જણાશે કે આ ઉપનિષદે પોતાની પુરોગામી વિવર્તવાદોનો પણ ઉપયોગમાં લીધો છે. આપણે ઉપર નોંધ્યું છે તેમ સૃષ્ટિ પ્રક્રિયામાં ઋગ્વેદનો, ખાસ તો પુરુષસૂક્તના(૧૦-૯૦) ની ઊંડી અસર વર્તાય છે. એ સિવાય પણ સૃષ્ટિવિષયક વિચારો આ ઉપનિષદે પોતાના પુરોગામી પ્રશિષ્ટ ઉપનિષદોમાંથી લીધેલા જણાય છે એટલે આ ઉપનિષદ ડૉ. એસ. જી. દેસાઈ સાહેબ કહે છે તેમ eclectic,[11] સંચય કહેવાય છે.

## (૨) પ્રાકૃતિક સર્જન :-

સુબાલોપનિષદમાં બ્રહ્મને જેમ સર્વસૃષ્ટિ તરીકે કલ્પવામાં આવેલ છે, તેમ સૂર્યોપનિષદમાં સૂર્યને જગતની ઉત્પત્તિનું કારણ માનવામાં આવ્યું છે.

· સૂર્યોપનિષદમાં જ એક એવું છે કે જેમાં સૃષ્ટિ સૂર્યમાંથી ઉદ્ભવી હોય એવું નિરીક્ષણ કરવામાં આવ્યું છે. અમારા અભ્યાસના વિષય બનેલા અન્ય વેદાન્તવિષયક ઉપનિષદોમાં આવા પ્રકારની સૃષ્ટિની ઉત્પત્તિ દર્શાવવામાં આવી નથી. સૂર્યોપનિષદમાં નિરૂપિત સૃષ્ટિપ્રક્રિયા જોતાં એવું જણાય છે કે ઋષિએ ઋગ્વેદની આ ઋચા **सूर्य आत्मा जगतस्तस्थुषश्च ।** પ્રેરણા લઈને આ પ્રકારનું તત્ત્વચિંતન કર્યું છે. ઋગ્વેદના ઋષિની સમક્ષ તો સૂર્ય સતત પ્રાકૃતિક સ્વરૂપમાં રહેતો હતો અને સૃષ્ટિમાં થતી તેની અસરને ઋષિ પ્રત્યક્ષ કરી શકતા હતા. એટલે સૂર્યની સ્તુતિ આ પ્રમાણે ઋગ્વેદના ઋષિએ કરી હોય તે સ્વાભાવિક છે. પરંતુ આપણા ઉપનિષદનાં ઋષિને તો તત્ત્વચિંતનમાં વધુ રસ હોવાથી દૃશ્યમાન જગતના મૂળમાં જવાની તેમની અભીપ્સા હોવાથી તે જુદા જુદા પ્રકારના વિચારો પ્રસ્તુત કરતા હોય છે. તેમાંનો એક વિચાર સૂર્યમાંથી જગતની ઉત્પત્તિ થઈ છે તે જણાવે છે.

પછી જેમ તૈત્તિરીય ઉપનિષદમાં બ્રહ્મની વ્યાખ્યા આપતાં કહેવામાં આવ્યું છે કે "**यतो वा खलु इमानि भूतानि जायन्ते ।** તેમ સૂર્યમાંથી આ બધાં ભૂતો જન્મે છે. "**सूर्याद्वै खल्विमानि भूतानि जायन्ते ।**" સૂર્ય એ સ્થાવર જંગમના આત્મા છે. સૂર્યમાંથી જ પ્રસિદ્ધ આ ભૂતો જન્મે છે, સૂર્યથી યજ્ઞ, પર્જન્ય ને અન્નાદિ જન્મે છે. **सूर्याद्यज्ञः पर्जन्योऽन्नमात्मा ।** સૂર્ય-ઉ. આ આદિત્ય (સૂર્ય)માંથી વાયુ જન્મે છે. વાયુમાંથી ભૂમિ ઉત્પન્ન થાય છે. આદિત્યમાંથી પાણી જન્મે છે. આદિત્યમાંથી આકાશ અને દિશાઓ આવિર્ભાવ પામે છે અને આદિત્યમાંથી જ દેવો પણ ઉત્પન્ન થાય છે અને આદિત્યથી જ આ મંડળ તપે છે. આથી, આદિત્ય જ બ્રહ્મ છે, જગતની ઉત્પત્તિનું કારણ છે, આ આદિત્ય જ મન, બુદ્ધિ, ચિત્ત તથા અહંકાર છે. આ આદિત્ય જ વ્યાન, સમાન, ઉદાન, અપાન, પ્રાણ, શ્રોત્ર, ત્વચા, નેત્ર, રસના, ઘ્રાણ, વાણી, હાથ, પગ ને ઉપસ્થરૂપ છે.

સૂર્ય જ ઉત્પત્તિ, પાલક અને સંહારકર્તા છે એમ દર્શાવતાં ઋષિ કહે છે કે સૂર્યથી ભૂતો ઉપજે છે, સૂર્ય વડે તેનું પાલન થાય છે, ને સૂર્યમાં તેઓ લય પામે છે.

**सूर्याद्भवंति भूतानि सूर्येण पालितानि तु ।**
**सूर्ये लयं प्राप्नुवन्ति यः सूर्यः सोऽहमेव च ॥** સૂર્ય ૬

**(૩) પંચમહાભૂતોમાંથી સર્જન (સાંખ્ય સાથે સમાનતા ધરાવતું સર્જન) :**

શારીરકોપનિષદ શરીર વગેરેના ઉત્પત્તિના ક્રમની વાત કરે છે. તે જણાવે છે કે શરીર પૃથિવી વગેરે પાંચ મહાભૂતોનું બનેલું છે.

**अथातः पृथिव्यादिमहाभूतानां समवायं शरीरम् ।** જે કઠિન ભાગ છે તે પૃથિવી, દ્રવ ભાગ છે તે જળ, ઉષ્ણ ભાગ છે તે તેજ, સંચાર કરનારો ભાગ તે વાયુ, ને અવકાશરૂપ ભાગ તે આકાશ છે. શ્રોત્રાદિ પાંચ જ્ઞાનેન્દ્રિયો આકાશાદિ ભૂતોના કાર્યરૂપ છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ પાંચ વિષયો પૃથિવી વગેરે મહાભૂતોમાંથી ક્રમશઃ ઉત્પન્ન થાય છે.

**श्रोत्रादीनि ज्ञानेन्द्रियाणि । श्रोत्रमाकाशे वायौ त्वगग्नौ चक्षुरप्सु जिह्वा पृथिव्यां घ्राणमिति । एवमिन्द्रियाणां यथा क्रमेण शब्दस्पर्शरूपरसगन्धाश्चैते विषयाः पृथिव्यादिमहाभूतेषु क्रमेणोत्पन्नाः ॥** શારીરક-૨

ને તેઓમાં ક્રમથી વચન, આદાન, ગમન, વિસર્ગ ને આનંદ વગેરે વિષયો પૃથિવી વગેરે મહાભૂતોમાંથી ક્રમિક ઉત્પન્ન થાય છે. ડૉ. એસ. જી. દેસાઈ સાહેબ નોંધે છે તેમ :-

The Śaririkopaniṣad speaks of the twenty four elements behind the creation of the world which are the five elements, mind Buddhi and Ahaṁkara forming the eight Prakrtis. The other sixteen are described as the Vikaras. The sense organs, the five objects of senses, and the last one is the Avyakta, Pradhana identified with the Puruṣa.[12]

(એક વાત નોંધવી જોઈએ કે શ્રી દેસાઈ સાહેબ ઉપનિષદનું 'શારીરિક' Śaririkopaniṣad નામ આપે છે પણ ખરેખર તો 'શારીરક' હોવું જોઈએ)

(૪) કોઈ એક દેવતામાંથી સર્જન :

મહોપનિષદ નારાયણમાંથી જગતની ઉત્પત્તિ થતી હોવાનું માને છે. જગતનો આરંભ નારાયણમાંથી થયો એમ નારાયણ બ્રહ્માને જણાવે છે.

**एको ह वै नारायण आसीन्न ब्रह्मा नेशानो नापो नाग्नीषोमौ नेमे द्यावापृथिवी न नक्षत्राणि न सूर्यो न चन्द्रमाः । २ ॥ स एकाकी न रमेत ॥ ३ ॥**

ન ઈશ, ન જળ, ન અગ્નિ, ન આકાશ, કે ન પૃથિવી, ન નક્ષત્ર કે ન સૂર્ય, ન ચન્દ્રમા સર્વ એક જ રૂપ હતું. અર્થાત્ કંઈ જ હતું નહિ. રમનાર પણ કોઈ ન હતો. ત્યારે નારાયણે વિચાર્યું :

**एकाकिना मया किं कर्तव्यमिति ?**

'મારે એકલાએ શું કરવાનું છે ?

ત્યારે ધ્યાનસ્થ તેમણે ઈચ્છામાત્રથી સૃષ્ટિરૂપી યજ્ઞના સાધનથી મહાયજ્ઞ કર્યો. તેમાંથી પુરુષ ઉત્પન્ન થયો. તે પુરુષમાંથી ચૌદ સ્થિતિઓ ઉત્પન્ન થઈ. એક કન્યા, દશ ઈન્દ્રિયો, અગિયારમું મન, બારમો અહંકાર, તેરમો પ્રાણ, ચૌદમો આત્મા, પંદરમી બુદ્ધિ, ભૂતોની પંચમાત્રા, પંચમહાભૂતો એ એકરૂપ પચીસ મળીને વિરાટરૂપે પુરુષ ઉત્પન્ન થયો. તે પુરુષને સ્થૂળ વગેરે સૃષ્ટિકર્મોમાં અધિષ્ઠાતા પરમેશ્વરે સ્થાપીને, સ્થિર બનીને, પોતે અસંગ, ઉદાસીન બનીને તેમાં રહ્યો.

**"स एष कालो जीवनस्य गोप्ता** મહો. ૧-૬

ત્યારબાદ નારાયણે સૃષ્ટિકામની ઈચ્છાથી પુનઃ મનમાં ધ્યાન ધર્યું. તે ધ્યાનસ્થ નારાયણના કપાળમાંથી ત્રણ નેત્રવાળો શૂલપાણિ પુરુષ ઉત્પન્ન થયો. અગ્નિ, યશ, સત્ય, બ્રહ્મચર્ય, તપ, વૈરાગ્ય, મન, ઐશ્વર્ય, પ્રણવ સાથેની વ્યાહૃતિ, ઋક્યજુસ્, સામ, અથર્વ, અંગિરસ, સર્વ છંદો, તેનાં અંગો, તેની ગાથા સમાન રીતે આશ્રિત થઈ રહ્યાં છે.

તે નારાયણે ફરીથી બીજા કામે મનમાં ધ્યાન ધર્યું :

**अथ पुनरेव नारायणः सोऽन्यत्कामो मनसा ध्यायत ।** તેની ધ્યાનની સ્થિતિમાં લલાટમાંથી અગ્નિનું પતન થયું અને સ્વેદ ઉત્પન્ન થયો. સ્વેદમાંથી જળનું પતન થયું. **ता इमाः प्रतता आपः ।** તે તેજ હિરણ્યરૂપ સત્ય. અને તેમાંથી ચાર મુખવાળા બ્રહ્મા ઉત્પન્ન થયા.

**तत्र ब्रह्मा चतुर्मुखोऽजायत ।** મહો. ૧.૮

ડૉ. એસ. જી. દેસાઈ સાહેબના મતે-

The account of the creation of the world given by the Mahopaniṣad is peculiarly to be noted as it speaks of the springing of Prakṛti consisting of twentyfour elements from Narayaṇa and Puruṣa is described to be twentyfifth element born from him. The enumeration of the elements of Prakṛti is similar to the one given in the Saṁkhya philosophy.[13]

(૫) પૌરાણિક સર્જન (સૃષ્ટિયજ્ઞ) :

મુદ્‌ગલોપનિષદ સૃષ્ટિયજ્ઞની વાત કરે છે. તેમાં પુરુષસૂક્તના અર્થનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

એન. એસ. સુબ્રહ્મનીયન આ ઉપનિષદ વિશે નોંધે છે :

This Upaniṣad gives a synopsis of the Puruṣa Sūkta hymn and explains its import and deals with the attainment of the Mahapuruṣa revealed by it.[14]

આ મહાન પુરુષ જ સૃષ્ટિની ઉત્પત્તિમાં કારણભૂત છે એમ જણાવવામાં આવેલ છે.

ઉપનિષદ બ્રહ્મયોગી પુરુષસૂક્તના અર્થનું વ્યાખ્યાન કરતાં કહે છે તેમ : "**सहस्त्रशीर्षा पुरुषः । सहस्त्राक्षः सहस्त्रपात् । स भूमिं विश्वतो वृत्त्वा । अत्यातिष्ठद्दशांङ्गुलम् ॥**" આ સહસ્ર શબ્દ અનંતનો વાચક છે. ( **यस्यान्तः परिच्छेदो न विद्यते सोऽनन्तः इत्यर्थः** : । )"દશાંગુલ" શબ્દ અનંત યોજનનો બોધ કરે છે. વળી, આ પુરુષ ( **ज्यायांश्च पुरुषः । पादोऽस्य विश्वा भूतानि । त्रिपादस्यामृतं दिवि** । )ને મોક્ષનું સ્થાન કહેલ છે.

મુદ્ગલોપનિષદ વિરાટપુરુષની જગતને સર્જવાની ઈચ્છામાત્રથી પ્રકૃતિનું સર્જન થયું એમ દર્શાવે છે. જે પુરુષ સહસ્ર માથાવાળો, સહસ્ર નેત્રોવાળો ને સહસ્ર પાદવાળો છે. પૃથ્વીને ચારે બાજુથી વ્યાપીને તેનાથી દશ આંગળ ઊંચો છે. આ પુરુષે જગતને સર્જવાની ઈચ્છામાત્રથી પ્રકૃતિનું સર્જન કર્યું :

**स च पादनारायणो जगत्स्रष्टुं प्रकृतिमजनयत् ।**
**प्रकृतेः पुरुषस्यापि समुत्पत्तिः प्रदर्शिता ।** મુદ્ગલ ૧-૫

સૃષ્ટિની ઉત્પત્તિની પ્રક્રિયાને અહીં યજ્ઞનું રૂપક આપીને વ્યક્ત કરવાનો પ્રયત્ન થયેલ છે.

यत्पुरुषेणेत्यनया सृष्टियज्ञः समीरितः ।
सप्तास्यासन्परिधयः समिधश्च समीरिताः ॥
तं यज्ञमिति मन्त्रेण सृष्टियज्ञः समीरितः ।
अनेनैव च मन्त्रेण मोक्षश्च समुदीरितः ॥
तस्मादिति च मन्त्रेण जगत्सृष्टिः समीरिताः । ।

મુદ્ગલ.૧ ૬, ૭, ૮

(ઉપનિષદના આ મંત્રોમાં પુરુષસૂક્તના મન્ત્ર પરનું ભાષ્ય ચાલી રહ્યું છે તે જાણી શકાશે.)

તે આદિપુરુષે જગતને સર્જવાની ઈચ્છામાત્રથી પ્રકૃતિનું સર્જન કર્યું. તે આદિ પુરુષમાંથી વિરાટ (બ્રહ્માંડ દેહ કે જેમાં વિવિધ દેહો વિલસે છે તે)ની ઉત્પત્તિ થઈ. તે વિરાટ પુરુષમાંથી યજ્ઞીય પુરુષ ઉત્પન્ન થયો. ત્યારે વસંતઋતુને (ઘી) આજ્યરૂપે, ગ્રીષ્મને ઈન્ધનરૂપે અને શરદ ઋતુને હવિ (પુરોડાશ)રૂપે કલ્પવામાં આવ્યાં.

**वसन्तकालमाज्यं ध्यात्वा ग्रीष्ममिध्मं शरदृतुरसं ध्यात्वैवमग्नौ**
**हुत्वाऽङ्ग स्पर्शात् क्लेवरो वज्रं हीष्यते ॥** મુદ્ગલ-૨-૬

ત્યારપછી તે યજ્ઞમાંથી ઘી ઉત્પન્ન થયું. પછી પોતાના કાર્યમાંથી સૃષ્ટિના સર્વ પ્રાણીઓ અને જીવો આગળ-પાછળ ઉત્પન્ન થયાં.

"ततः स्वकार्यान् कार्यभूतान् सर्वप्राणिनो जीवान् जीवाः पश्चाद्याः प्रादुर्भविष्यन्ति । ततः स्थावरजंगमात्मकं जगद्भविष्यति ॥ मुद्गल २-५ ) ટીકાકાર ઉપનિષદ બ્રહ્મયોગી જણાવે છે "तत् सृष्ट्वा । तदेवानुप्राविशत् ।।इति"પોતે જ જગતરૂપ બનીને જગતમાં પ્રવેશ કર્યો "स्वयमेव जगद्भूत्वा प्राविशत् जीवस्मतः॥"

આમ, યજ્ઞીય પુરુષરૂપી હવિવડે દેવોએ યજ્ઞ પૂરો કર્યો. આમ સ્પષ્ટ થાય છે કે યજ્ઞના રૂપક દ્વારા એક મૂળ પુરુષમાંથી થતી સૃષ્ટિની ઉત્પત્તિની પ્રક્રિયા અહીં વર્ણવાઈ છે. આમ, યજ્ઞભાવના એક સામાજિક સંસ્થાનું રૂપ લેતી જણાય છે. યજ્ઞ નવસર્જનનું પ્રતીક મનાય છે. તેથી પરમપુરુષ લોકસંગ્રહાર્થે યજ્ઞમાં પોતાની જાત સમર્પિત કરી દે છે ત્યારે તેમાંથી નાશ નહિ, પરન્તુ નવસર્જન થાય છે. કારણ કે હોમ કરાયેલો પુરુષ તે પછી પણ વધુ સમર્થ કર્તા બને છે. આમ, તેમાંથી ચરાચર સૃષ્ટિનો પ્રાદુર્ભાવ થાય છે.

ડૉ. એસ. જી. દેસાઈ સાહેબ આ ઉપનિષદમાંના રૂપકને આ રીતે સમજાવે છે.

The Puruṣasukta has been interpreted by the Mudgalopaniṣad so as to make it a glorification of Narayaṇa, and regards the sacrifice as the creator. Brahma considered as advised by Narayaṇa, his senses to be priests, his body the offering, the God Narayaṇa the receiver of the oblation: the spring season as the ghee, the summer as the sacrificial fire and the rainy season as the Soma. It was due to the performance of such a metaphorical sacrifice that Brahma was able to create the animate and the inanimate beings.[15]

## (६) સાંખ્યસૃષ્ટિ પ્રમાણે સર્જન :-

પૈંગલોપનિષદમાં યાજ્ઞવલ્ક્ય પોતાના શિષ્યોને કહે છે :

"सदेव सोम्येदमग्र आसीत् । तन्नित्यमुक्तमविक्रियं सत्यज्ञानान्दपरिपूर्णं सनातनमेकमेवाद्वितीयं ब्रह्म ॥ પૈંગલ-૧

( सदेव सोम्येदमग्र आसीत् । एकमेवाद्वितीयं तदेकं आहुरसदेवेदमग्र आसीदेकमेवाद्वितीयं तस्मादसतः सज्जायत :-છાન્દોગ્ય ૬-૨ ) તે નિત્યમુક્ત, વિકાર વિનાનું, સત્ય, જ્ઞાન અને આનંદથી પરિપૂર્ણ, સનાતન એક અદ્વિતીય બ્રહ્મ હતું.

ડૉ. એસ.જી. દેસાઈ સાહેબ નોંધે છે તેમ :

According to the Paingalopaniṣad there was Sat alone in the beginning from which the world came into being.[16]

પ્રથમ તો બ્રહ્મમાં ત્રણ ગુણવાળી પ્રકૃતિ આશ્રિત થયેલી હતી. અને તેમાં બ્રહ્મનું પ્રતિબિંબ પડતાં તે સાક્ષી ચૈતન્ય કહેવાયું. તે મૂલ પ્રકૃતિમાંથી સત્ત્વગુણપ્રધાન અવ્યક્ત નામની "આવરણશક્તિ" ઉત્પન્ન થઈ. "આવરણ" શબ્દ શાંકરવેદાન્તમાં પ્રયોજાતી અવિદ્યા વિભાવનાની યાદ આપે છે.[17] તેમાં ચૈતન્યનું જે પ્રતિબિંબ પડ્યું તે ઈશ્વરચૈતન્ય કહેવાયું. એ ઈશ્વરચૈતન્ય જ જગતની સૃષ્ટિ, સ્થિતિ અને લયનું કારણ છે. એ અવ્યક્તમાંથી રજોગુણપ્રધાન મહત્ નામની વિક્ષેપશક્તિ ઉત્પન્ન થઈ. તેમાં ચૈતન્યનું જે પ્રતિબિંબ પડ્યું તે હિરણ્યગર્ભચૈતન્ય કહેવાયું. એ મહત્ તત્ત્વમાંથી તમોગુણપ્રધાન અહંકાર નામની શક્તિ ઉત્પન્ન થઈ. [illegible] જળ, અને તેમાંથી પૃથ્વી......એ ક્રમે પાંચ મહાભૂતો અને સૂક્ષ્મ તન્માત્રાઓ ઉત્પન્ન થયાં અને પાંચ મહાભૂતોમાંથી આખા જગતનાં પ્રાણીમાત્ર ઉત્પન્ન થયાં.

અહીં જોઈ શકાશે કે થોડાક ગૌણ ફેરફારો સિવાય અને થોડાક પારિભાષિક શબ્દફેરફારો સિવાય પ્રાયઃ ઉપનિષદોમાં નિરૂપિત સૃષ્ટિક્રમ અહીં વર્ણવાયો છે.

પૈંગલોપનિષદ વેદાન્તમાં પ્રસિદ્ધ થયેલા પંચીકરણની પદ્ધતિએ સૃષ્ટિના ઉત્પત્તિક્રમને વર્ણવે છે. પછી આગળ સ્થૂલ શરીરો, કર્મેન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયો વગેરેની ઉત્પત્તિ પંચીકરણની પ્રક્રિયાથી નિરૂપે છે.

પૈંગલોપનિષદમાં યાજ્ઞવલ્ક્ય સ્થૂલ શરીર અને સૂક્ષ્મ શરીરસૃષ્ટિની ચર્ચા કરે છે. ડૉયસનના મત પ્રમાણે આ ઉપનિષદ વેદાન્તસારની યાદ અપાવે છે જેમાં સાંખ્ય અને વેદાન્તની પરિભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.[18]

## (૭) શારીરિક સર્જન :-

વેદાન્ત ઉપનિષદો યજ્ઞ, પંચમહાભૂતો, આદિત્ય, બ્રહ્મ, નારાયણ,......વગેરે વિવિધ રીતે જગત (સૃષ્ટિ)ની ઉત્પત્તિની વાત કરે છે. છતાં ઉપનિષદોમાં જેનું સ્થાન નહિવત્ છે તે ગર્ભોપનિષદ આજના વિજ્ઞાન સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે. તે માતાના શરીરમાં રહેલા ગર્ભથી જ શરીરસૃષ્ટિની ઉત્પત્તિ થતી હોવાનું જણાવે છે.

ગર્ભોપનિષદમાં પ્રજાપતિએ પ્રજોત્પત્તિ હેતુથી યોગ્ય ઋતુકાલે સ્ત્રી-પુરુષના સંયોગથી ગર્ભ કેવી રીતે થાય છે અને તેનો વિકાસ કેવી રીતે થાય છે, અને તે દ્વારા માનવદેહની ક્રમશઃ રચના કેવી રીતે થાય છે તે શારીરિક વિજ્ઞાનની વાત કરેલ છે.

એન. એસ. સુબ્રહ્મનીયન નોંધે છે તેમ :

This Upaniṣad deals with the pre-natal and post-natal characteristics and functions of the human body.[19]

**(૮) પૂર્ણ બ્રહ્મમાંથી સર્જન :-**

ઉપનિષદોના શાંતિપાઠમાં પણ કહ્યું છે કે આ જગતની ઉત્પત્તિની પૂર્વે એકમાત્ર પૂર્ણ બ્રહ્મ હતું. અને પૂર્ણ એવા બ્રહ્મમાંથી પૂર્ણ એવું જગત ઉત્પન્ન થાય છે. ( **उदच्यते** )એટલે કે ઉપનિષદોના ઋષિઓએ પણ સૃષ્ટિની ઉત્પત્તિ પૂર્વે પૂર્ણ બ્રહ્મની કલ્પના કરી છે.

ટૂંકમાં સૃષ્ટિ શું છે ? તે પ્રશ્નના ચાર જવાબો ઉપનિષદોમાં મળે છે. કેટલાક સૃષ્ટિને આધિદૈવિક માને છે, તો કેટલાક આધ્યાત્મિક કહે છે. અન્ય કેટલાક વળી આધિભૌતિક માને છે.

ઉપનિષદના ઋષિઓ પ્રાકૃતિક જગતની અંદર નિવાસ કરતા હતા અને તેમણે આ જગતથી દૂર ભાગવાનો પલાયનવાદ પણ નિરૂપ્યો નથી. તેમણે જગતને સત્ય માનેલ છે કારણકે તે બ્રહ્મની જ અભિવ્યક્તિ છે. બ્રહ્મ જ તેની ઉત્પત્તિનું કારણ છે. તે બ્રહ્મમાંથી જ ઉત્પન્ન થાય છે, તેમાં જ ટકી રહે છે અને તેમાં જ લય થાય છે.

**સૃષ્ટિનો લય :-**

"**जातस्य हि ध्रुवो मृत्यु** : ।"એ ન્યાયે જે જન્મે છે, અસ્તિત્વ ધરાવે છે તેનું મૃત્યુ તો થાય જ છે. આથી સૃષ્ટિ જે રીતે જે જે ક્રમે ઉત્પન્ન થાય છે તેનો તે ક્રમે લય પણ થાય છે.

વેદાન્તવિષયક ઉપનિષદોમાં સૃષ્ટિની ઉત્પત્તિ માટે વિવિધ શક્યતાઓ દર્શાવી છે અને તે જ ક્રમે તેનો લય પણ થતો જણાવેલ છે. જે ક્રમશઃ આપણે જોઈશું.

સુબાલ ઉપનિષદ આ સ્થાવર-જંગમાત્મક સૃષ્ટિ (જગત)નો પ્રાદુર્ભાવ વિરાટપુરુષમાંથી થતો હોવાનું માને છે. જે ક્રમે તેની ઉત્પત્તિ દર્શાવી છે, તે જ ક્રમે તેનો લય થાય છે. પ્રલય વખતે વિરાટપુરુષ અગ્નિરૂપ થઈ સર્વભૂતોને બાળી નાખે છે અને તે વખતે પૃથ્વી જળમાં,

જળ તેજમાં, તેજ વાયુમાં લય પામે છે. ઈન્દ્રિયો તન્માત્રાઓમાં, તન્માત્રાઓ અહંકારમાં લય પામે છે. અક્ષર (તમસ્) અજ્ઞાનમાં લય પામે છે અને તમસ્ પરમાત્મામાં એકરૂપ થઈ જાય છે તે પછી સત્ નથી રહેતું, અસત્ નથી રહેતું અને સત્ અસત્ પણ નથી રહેતું.

કૌષીતકિ બ્રાહ્મણોપનિષદમાં ચિત્ર શ્વેતકેતુને પ્રશ્ન કરે છે કે "હે શ્વેતકેતુ ! આ યજ્ઞ કરાવીને તમે મને આવૃત્તિરહિત લોકમાં સ્થાપન કરશો કે અન્ય લોકમાં ?" તો ચિત્રે પ્રશ્નનું સમાધાન કરતાં જણાવ્યું કે "અગ્નિહોત્રાદિ કર્મનું અનુષ્ઠાન કરનાર ચંદ્ર પ્રતિ જાય છે. આ ચંદ્ર સ્વર્ગનું દ્વાર છે. જેમને સ્વર્ગની કામના નથી. પરન્તુ શુભ કર્મ કરનારા જે સજ્જન બ્રહ્મવેત્તા છે તે આવૃત્તિરહિત બ્રહ્મલોકમાં જાય છે, ને જેમને સ્વર્ગની અભિલાષા છે તેઓ આવૃત્તિવાળા સ્વર્ગલોકમાં જાય છે. પરન્તુ "**क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति**", એ ન્યાયે સ્વર્ગમાં પુણ્યનું ફળ ભોગવી લઈ વૃષ્ટિ સાથે તેઓ પૃથ્વી ઉપર આવે છે. તે અહીં પોતાના કર્માનુસાર મનુષ્ય વા પશુ આદિ થાય છે."

**य एनं प्रत्याहतमिह वृष्टि र्भूत्वा वर्षति । त इह कीटो वा पतङ्गो वा शकुनिर्वा शार्दूलो वा सिंहो वा मत्स्यो वा परश्वा वा पुरुषो वाऽन्यो वैतेषु स्थानेषु प्रत्याजायते यथाकर्म यथाविद्यम्॥ कौषीतकि : १-२.**

ડૉ. એસ. જી. દેસાઈ સાહેબ નોંધે છે :[20]

The Kausitaki Brahmana Upanisad gives details about the journey of the soul to the Brahmaloka, which will be discussed later on the topic about the Brahman.[21]

આપણે જાણીએ છીએ કે બ્રહ્મનું એ આ વિશ્વના સ્રષ્ટા છે. એ વિચાર પણ આ ઉપનિષદમાં રજૂ થયો છે. આ વિશ્વને પરમતત્ત્વે સર્જ્યું છે, એટલું જ નહિ પણ તેનો નિયામક છે, અન્તર્યામી છે, આંતરિક રીતે નિયમન કરનારો છે.

પૈંગલોપનિષદમાં યાજ્ઞવલ્ક્ય પૈંગલ મુનિને જણાવે છે કે જ્યારે આત્મા ઈશ્વર વૃત્તિથી ઉત્થાન પામે ત્યારે અજ્ઞાન ઉત્પન્ન થાય છે ને પોતાના સ્મરણનો વિલય થતાં આ અનાદિ સંસાર ઊભો થાય છે. તેનો અનેક કોટિ કર્મથી વિલય થાય છે. "**इहानादिसंसारे संचिताः कर्मकोटयोऽनेनैव विलयं यान्ति ।**" જે ક્રમથી જગત ઉત્પન્ન થાય છે, તેથી ઊલટે ક્રમે તે લીન થાય છે.

**ईशः पञ्चीकृतभूतानामपञ्चीकरणं कर्तुं सोऽकामयत । ब्रह्माण्डतद्गतलोकान् कार्यरूपांश्च कारणत्वं प्रापयित्वा ततः सूक्ष्माङ्गं कर्मेन्द्रियाणि प्राणांश्च ज्ञानेन्द्रियाण्यन्तःकरणचतुष्टयं चैकीकृत्य सर्वाणि भौतिकानि कारणे भूतपञ्चके संयोज्य भूमिं जले जलं वह्नौ वह्निं वायौ वायुमाकाशे चाकाशमहंकारे चाहंकारं महति महदव्यक्तेऽव्यक्तं पुरुषे क्रमेण विलीयते । विराड्हिरण्यगर्भेश्वरा उपाधिविलयात् परमात्मनि लीयन्ते । पैंगલ : ૩-૬**

ઈશ્વરે પંચીકૃત ભૂતોનું પંચીકરણ કરવાનું વિચાર્યું. બ્રહ્માંડની અંદર આ લોકના કાર્યરૂપ કારણમાં "**त्वं**" પદની પ્રાપ્તિ "તત્" સૂક્ષ્મ અંગ કર્મેન્દ્રિયો, પ્રાણ, જ્ઞાનેન્દ્રિય, ચાર અંતઃકરણ એક કરવાથી સર્વ ભૌતિકનાં કારણ ભૂતપંચકમાં લય કરી ભૂમિ જળમાં, જળ અગ્નિમાં, અગ્નિ વાયુમાં, વાયુ આકાશમાં, આકાશ અહંકારમાં, અહંકાર મહત્‌માં, મહત્‌ કામમાં ને કામ પુરુષમાં અનુક્રમે વિલીન થાય છે. વૈરાટ, હિરણ્યગર્ભ અને ઈશ્વર ઉપાધિના લય થતાં પરમાત્માનાં લય પામે છે.

મન્ત્રિકોપનિષદ સૃષ્ટિના લય માટે ખૂબ જ સરસ ઉપમા આપે છે કે જેમ સાગરમાં રહેલાં મોજાં સાગરમાં જ લય પામે છે તેમ આ સ્થાવર જંગમાત્મક (સૃષ્ટિ) બ્રહ્મમાં જ લય પામે છે.

यस्मिन् सर्वमिदं प्रोतं ब्रह्म स्थावरजंगमम् ।
तस्मिन्नेव लयं यान्ति स्त्रवन्त्यः सागरे यथा । મન્ત્રિક્ ૧૭

પ્રલય વખતે પોતપોતાના કર્માનુસાર જીવ તે ભાવને પામે છે.

यस्मिन् भावाः प्रलीयन्ते लीनाश्चाव्यक्ततां ययुः ।
पश्यन्ति व्यक्ततां भूयो जायन्ते बुद्बुदा इव ॥ મન્ત્રિક્ ૧૮

ટૂંકમાં કહીએ તો, વેદાન્તવિષયક ઉપનિષદોમાં સૃષ્ટિની રચના સંબંધમાં કોઈ એક સ્પષ્ટ અને સુસંગત વિચાર રજૂ કરવામાં આવ્યો નથી. ઉપનિષદોના રચયિતા અનેક હતા અને તેઓ વિભિન્ન કાલક્રમે થયા હતા. વળી વિશ્વસંબંધી તેમનો મત એક જ પ્રકારનો હતો એમ પણ ચોક્કસ કહી શકાય તેમ નથી. ઉપનિષદમાં જેમ એક તરફથી અધ્યાત્મ ચિંતન ચાલતું હતું; તેમ બીજી તરફથી સૃષ્ટિચિંતન ચાલતું હતું. આ સૃષ્ટિ ક્યાંથી અને કેવી રીતે ઉત્પન્ન થઈ ? આ પ્રશ્ન તો ઉપનિષદથી પણ પ્રાચીનતર કાળમાં ઋક્ સંહિતાના મંત્રોમાં ઉપસ્થિત કરેલો જોવા મળે છે. આ વિચારધારામાં પણ દૃશ્યમાન સૃષ્ટિની વિગતોના વિચારમાં ન પડતા ઋષિઓનું ચિત્ત એના આદિકારણને પકડવા મથે છે.

જગતની ઉત્પત્તિનો ક્રમ નવ્ય ઉપનિષદોમાં ભિન્ન ભિન્ન રીતે વર્ણવાયો છે. તે તો આપણે જોયું. પરન્તુ તે ક્રમને મહત્ત્વ નથી અપાયું, મહત્ત્વ તો તેના સર્વના મૂળનું છે. મૂળમાં રહેલા બ્રહ્મના પ્રતિપાદનનું મહત્ત્વ છે. કારણકે આત્મા નથી તો ઉદય પામતો કે નથી તો અસ્ત પામતો. નથી વૃદ્ધિ પામતો કે નથી ક્ષય પામતો. તે તો સ્વયં પ્રકાશિત છે અને અન્યને પ્રકાશ આપે છે.

**न जायते न म्रियते न मुह्यते न भिद्यते न दह्यते ।**
**न छिद्यते न कम्पते न कुप्यते सर्वदहनोऽयमात्मेत्याक्षते** ।। સુબાલ. ૯.૧૫

વળી, ઉપનિષદોનો ઉદ્દેશ સૃષ્ટિની વ્યાખ્યા કરવાનો નથી, તેનો વિષય મોક્ષ યા અમૃતત્વ છે કે જે આત્મૈક્ય જ્ઞાનનું ફળ છે. સૃષ્ટિ તો બ્રહ્મની લીલામાત્ર છે. કારણ કે તે તેનો આનંદદાયક ખેલ છે. વેદાન્ત વિષયક ઉપનિષદો જગતને શૂન્ય તો ક્યાંય માન્યું નથી એમ નીડરપણે કહી શકાય.

*****

## પાદટીપ :

### પ્રકરણ - ૫

(1) Dr. A. N. Bhattacharya, One Hundred and Twelve Upanisads and Their Philosophy,
Parimal Publications, Delhi, First Edition, 1987,
**मुण्डकोपनिषद्**, १-१-३. Page 14

(2) Max Muller, The Vedanta Philosophy,
Cosmo Publication, Page 22

(3) R. E. Hume, The Thirteen Principal Upanishads,
The Diocesan Press, Edition-5, 1962, Madras-7. Page 18

(4) ભારતીય તત્વજ્ઞાનની રૂપરેખા, હીરયન્ના, પૃ. ૭

(5) R. E. Hume, The Thirteen Principal Upanishads,
The Dioccessan Press, Edition-5, 1962, Madras-7, Page 30

(6) Dr. S. G. Desai, A Critical Study of the Later Upanisads,
Bharatiya Vidya Bhavan, Mumbai, First Edition, 1996,
Page 367

(7) એજન, પૃષ્ઠ ૩૬૭

(8) R. D. Ranade, A Constructive Survey of Upanishadic Philosophy, Second Edition, 1968
Bharatiya Vidya Bhavan, Bombay, Page 76-105

(9) Dr. S. G. Desai, A Critical Study of the Later Upanisads,
Bharatiya Vidya Bhavan, Bombay, Page 371

(10) Dr. S. G. Desai, A Critical Study of the Later Upaniṣads, Bharatiya Vidya Bhavan, Bombay, પૃ. ૩૭૫

(11) એજન, Page 371

(12) એજન

(13) એજન, Page 369

(14) N. S. Surahmanin, Encyclopaedia of the Upanishads, Sterling Publishers Pvt. Ltd., New Delhi, Page 148

(15) Dr. S. G. Desai, A Critical Study of the Later Upaniṣads, Bharatiya Vidya Bhavan, Bombay, Page 368

(16) એજન, પૃષ્ઠ ૩૭૧

(17) ( अस्य अज्ञानस्यावरणविक्षेपनामकमस्ति शक्तिद्वयम् । વેદાન્તસાર (સદાનન્દ યોગીન્દ્ર સરસ્વતી રચિત) પ્રા. પી. સી. દવે, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, પૃષ્ઠ ૧૦

(18) Paul Deussen, Sixty Upanishads of the Veda, Vol.II, Translated from German by V. M. Bedekar and G. D. First Edition, Delhi, 1980, Paingala Upaniṣad, Page 915

(19) N. S. Subrahmanin, Encyclopaedia of the Upanishads, Page 148

(20) महादेवशास्त्रीणा संपादिताः सामान्य वेदान्त उपनिषद्, अड्यार पुस्तकालयार्थं प्रकटीकृताश्च, वर्ष. डिसे. १९२१, कौषीतकि ब्राह्मणोपनिषद्, पृ. ११३

(21) Dr. S. G. Desai, A Critical Study of the Later Upaniṣads, Bharatiya Vidya Bhavan, Bombay, Page 375


*****